"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

અખબારી યાદી તા.૦૮-૧૧-૨૦૨૪

- **છેલ્લા ત્રણેક વર્ષમાં ગુજરાતનાં મંદિરોમાંથી કુલ રૂા.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ રકમ અને મુદ્દામાલની ચોરી**
- **હિન્દુત્વની દુહાઈ દેતી ભાજપ સરકારના રાજમાં મંદિરોમાં ચોરીની કુલ ૫૦૧ ઘટનાઓ**
- **ગુજરાતના મંદિરોની સુરક્ષા માટે સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ**

ગુજરાતમાં ચોરી, લૂંટ-ધાડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો છે ત્યારે હિન્દુત્વની દુહાઈ દેતી ભાજપ સરકારમાં મંદિરો-ભગવાનો પણ સલામત ન હોવાની વિગતો સાથે ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરે જણાવ્યું હતું કે કરોડો ગુજરાતીઓના આસ્થાનું સ્થાન શક્તિપીઠ પાવાગઢ સહીત રાજ્યના અનેક ધાર્મિક સ્થાનોમાં ચોરી-લુંટ-ધાડની ઘટનાઓ વધી રહી છે. રાજ્યમાં માત્ર રહેણાંક-વ્યવસાયિક વિસ્તારો જ બેફામ પણે ચોરી- લુંટ-ધાડને ચોરો ટાર્ગેટ કરે છે પણ હવે તો મંદિરોમાં પણ બેફામ પણે લુંટ-ચોરીની ઘટનાઓ બની રહી છે. હિન્દુત્વની દુહાઈ દેતી સરકાર મંદિર-ભગવાનને પણ સલામતી આપવામાં નિષ્ફળ પુરવાર થઈ રહી છે. ગુજરાતમાં છેલ્લા ત્રણેક વર્ષમાં મંદિરોમાંથી ચોરીમાં કુલ રૂા.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ રકમ અને મુદ્દામાલની ચોરી ભાજપ સરકારમાં થઈ છે. ગુજરાતમાં વર્ષ ૨૦-૨૧માં ૧૫૧ મંદિરોમાં, વર્ષ ૨૧-૨૨માં ૧૭૮ મંદિરોમાં અને વર્ષ ૨૨-૨૩માં ૧૭૨ એમ કુલ મળીને ૫૦૧ ચોરીની ઘટનાઓ બની છે. હથિયાર સાથે ધાડની પણ પાંચ ઘટનાઓ બનેલ છે જે અત્યંત ચિંતાજનક બાબત છે. અને સરકારના સલામતના મોટા મોટા દાવાની પોલ છતી કરે છે.

ગુજરાતના નાગરીકોના આસ્થાના પ્રતિક એવા મંદિરોમાં થઈ રહેલી લૂંટ ધાડ-ચોરીની ઘટના માત્ર મંદિરોમાં સીસીટીવી લગાવી સુરક્ષાની સાંત્વના સરકાર આપી રહી છે. ભગવાનના નામે રાજનીતિ કરતી ભાજપ માત્ર મતનું તરભાણું ભરાયની ચિંતા કરે છે? નવરાત્રીના પાવન પર્વમાં પણ બહેન-દીકરીઓ પર થતા બળાત્કાર,વ્યાજખોરો-બુટલેગરો બેફામ,ખુલ્લેઆમ દારૂ-ડ્રગ્સનો કાળો કારોબાર થાય છે ત્યારે ગુજરાતની સુરક્ષા ભગવાન ભરોસે છે. રાજ્યમાં પ્રજાની સુરક્ષા-સલામતી સાથે સબ સલામતના દાવો કરતી ભાજપ સરકારના રાજમાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ગુજરાતમાં પોલીસ કર્મીઓની મોટા પાયે ઘટ છે પોલીસકર્મીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે ત્યારે નાગરીકોની સુરક્ષા-સલામતી માટે ચુસ્ત વ્યવસ્થાપન માટે સત્વરે ભરતી કરવામાં આવે, ગુજરાતના તમામ નાના મોટા મંદિરોની સુરક્ષા વધારવામાં આવે અને મંદિરની સુરક્ષા માટે સ્પેશીયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

| વર્ષ | મદિરમાં થયેલ ચોરીની વિગત |
|---|---|
| ૧.૧૦.૨૦૨૦ થી ૩૦.૦૯.૨૧ | ૧૫૧ |
| ૦૧.૧૦.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૨ | ૧૭૮ |
| ૦૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૩ | ૧૭૨ |
| **ત્રણ વર્ષમાં થયેલ કુલ ચોરી** | **૫૦૧** |

| વર્ષ | મદિરમાં ચોરી થયેલ રોકડ અને મુદ્દામાલની વિગત |
|---|---|
| ૧.૧૦.૨૦૨૦ થી ૩૦.૦૯.૨૧ | ૮,૫,૪૭,૩૨૨ |
| ૦૧.૧૦.૨૦૨૧ થી ૩૦.૦૯.૨૦૨૨ | ૧,૯૦,૭૭,૩૦૫ |
| ૦૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૦૯.૨૦૨૩ | ૨,૧૭,૪૭,૬૨૦ |
| **કુલ ચોરીની કિંમત** | **૪,૯૩,૭૨,૨૪૭** |

હિરેન બેન્કર,
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ.